પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૨ | ૨૨ નવેમ્બર, ૨૦૧૭, બુધવાર ; માગસર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### નાઈજીરીયાની મસ્જીદ પર આત્મઘાતી હૂમલો

નાઈજીરીયાની એક મસ્જીદમાં આત્મઘાતી હૂમલામાં ૫૦ના મૃત્યુ થયા છે. નમાઝ પઢી રહેલા લોકો વચ્ચે હૂમલાખોરે પોતાની જાતને ઉડાવી હતી.

### આર્જેન્ટિનામાં ૪૪ ક્રુ મેમ્બર સાથેની સબમરીન ગુમ

ગત બુધવારે આર્જેન્ટિનાની સબમરીન ગુમ થઈ ગઈ હતી. જેનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. આ સબમરીનમાં ૪૪ ક્રુ મેમ્બર સફર કરી રહ્યા છે.

### શાળાઓમાં એક કલાક વ્યાયામ ફરજિયાત કરાશે



વિદ્યાર્થીઓની ફિટનેસ માટે હવે રોજ સ્કૂલોમાં એક કલાક વ્યાયામ થશે. હાલમાં તેની શરૂઆત સેન્ટ્રલ સ્કૂલોથી થશે. અહીં વિદ્યાર્થીઓને રોજ અનિવાર્ય રીતે યોગ સહિત શારીરિક ફિટનેસ સાથે જોડાયેલા તમામ પ્રકારના વ્યાયામ કરાવાશે. માનવસંસાધન વિકાસ મંત્રાલયના આદેશ બાદ કેન્દ્રીય સ્કૂલોએ તેને લઈને તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# ICJમાં જજ તરીકે દલવીર ભંડારી ચૂંટાયા



**છેલ્લી ઘડીએ બ્રિટને ઉમેદવાર ખસેડી લીધા, ભારતને મળી સફળતા : સુષ્માએ ટ્વિટ કરીને કહ્યું, આ ભારતની જીત છે, ૭૦ વર્ષમાં પહેલી વખત આઈસીજેમાંથી બ્રિટન બહાર**

સંયુક્ત રાષ્ટ્રસંઘ,તા.૨૧


સંયુકત રાષ્ટ્રસંઘમાં ભારતનો દબદબો ફરી એક વખત જોવા મળ્યો છે. હેગ સ્થિત ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈસીજે)માં ભારતીય મૂળના જસ્ટિસ દલવીર ભંડારી ફરી વખત જજ તરીકે ચૂંટાયા છે. જજની આ આખરી બેઠક માટે દલવીર ભંડારી અને બ્રિટનના દાવેદાર વચ્ચે મુકાબલો હતો, પરંતુ આખરી ક્ષણોમાં બ્રિટને ભારત સામે નમતું જોખીને પોતાનો ઉમેદવાર ચૂંટણીમાંથી હટાવી લેતાં ભારતની મોટી રાજદ્વારી જીત થઈ છે અને ભંડારી ફરી વખત ઈન્ટરનેશનલ કોર્ટના જજ તરીકે ચૂંટાયા છે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે કહ્યું કે, ભંડારીની જીતથી આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ભારતની જીત થઈ છે.

ઈન્ટરનેશનલ કોર્ટના જજ તરીકે ચૂંટાયા બાદ જસ્ટિસ દલવીર ભંડારીએ જણાવ્યું હતું કે મને સમર્થન આપનાર તમામ દેશોનો હું

● અનુસંધાન પાન-૫ પર

## ૨૦૧૮થી વિનાશકારી ભૂકંપની ચેતવણી : વિશ્વના દેશ ચિંતિત થયા

**અમેરિકી વૈજ્ઞાનિકો દ્વારા વ્યાપક અભ્યાસ બાદ ચેતવણી અપાઈ : પૃથ્વીની ફરવાની ગતિ ધીમી પડી રહી છે : પ્રતિ દિવસ કેટલાક મિલી સેંકડ ગતિ ઘટી જતાં ભૂકંપ સાથે સીધા સંબંધ હોવાથી વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી**



નવદિલ્હી, તા. ૨૧

આગામી વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૮ અને તેના બાદ દુનિયાના કેટલાક દેશોમાં વિનાશકારી ભૂકંપ આવી શકે છે. આ ચેતવણી વૈજ્ઞાનિકો દ્વારા જારી કરવામાં આવ્યા બાદ વિશ્વના અનેક દેશો અને ખાસ કરીને ભૂકંપ પ્રભાવિત દેશોના લોકો દહેશતમાં મુકાઈ ગયા છે. ચિંતાજનક બાબત એ પણ છે કે ભૂકંપને પૃથ્વીના પરિભ્રમણની ઝડપથી સાથે જોડવામાં આવે છે. જે પ્રતિ દિવસે કેટલાક મિલી સેકન્ડ ગતિ ઓછી થઈ રહી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ દાવો કર્યો છે કે ભૂકંપ અને પૃથ્વીના પરિભ્રમણ વચ્ચે સીધા સંબંધ છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ભૂકંપ સાથે સંબંધિત ખતરા માટે પાંચ અથવા તો છ વર્ષ પહેલા એડવાન્સ ચેતવણી પણ આપવામાં આવી શકે છે. દિવસની લંબાઈ આમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે.

# સંસદનું શિયાળુ સત્ર ડિસેમ્બરમાં બોલાવાશે

**સત્રની તારીખ ટૂંક સમયમાં જ જાહેર કરી દેવાશે : સત્રને ટાળવા કોઇ પ્રયાસ કરાઈ રહ્યા હોવાના આક્ષેપોને રદિયો**

નવીદિલ્હી, તા. ૨૧

સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે આજે કોંગ્રેસના એવા આક્ષેપોને ફગાવી દીધા હતા કે, શિયાળુ સત્ર બોલાવવાને લઈને બિનજરૂરી વિલંબ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, સરકાર ડિસેમ્બર મહિનામાં સંસદનું શિયાળુ સત્ર બોલાવશે અને આની તારીખ ટૂંક સમયમાં જ જાહેર કરાશે. અનંતકુમારે કહ્યું હતું કે, વિરોધ પક્ષો દ્વેષભાવથી પીડિત છે. કોંગ્રેસના નેતૃત્વમાં અગાઉના શાસનકાળ દરમિયાન આ પ્રકારની સ્થિતિ હતી. ડિસેમ્બર ૨૦૦૮ અને ૨૦૧૩ દરમિયાન શિયાળુ સત્ર યોજવામાં આવ્યું હતું. સામાન્યરીતે વિધાનસભાની ચૂંટણીની સાથે શિયાળુ સત્રને લઈને ધ્યાન રાખવામાં આવે છે. ભૂતકાળમાં પણ આ બાબત જોવા મળી ચુકી છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા હતાશાના કારણે આ પ્રકારના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની હાર નિશ્ચિત બની ચુકી છે. ગઈકાલે જ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, સરકાર સંસદના શિયાળુ સત્રને ખોરવી નાંખવા માટેના પ્રયાસ કરી રહી છે. સોનિયા ગાંધીએ કોંગ્રેસ કારોબારી સમિતિને સંબોધન કરતા કહ્યું હતું કે, મોદી સરકારના અહંકારના કારણે સંસદીય લોકશાહી વ્યવસ્થાને માઠી અસર થઈ છે. ભાજપ પર સંસદનો સામનો કરવાની હિંમત નથી તેવો આક્ષેપ કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ આશ્ચર્યજનક કારણો આપીને સંસદમાં શિયાળુ સત્રને ટાળી દેવાની વાત કરી છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, જો કોઈ લોકશાહીના મંદિર ઉપર તાળા લગાવી દેવાનું કામ કરે છે તો આ ખોટી બાબત છે. ચૂંટણી પહેલા આ બંધારણીય જવાબદારીથી ભાગવા જેવું કામ છે. ચૂંટણી પહેલા તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. નોટબંધીને લઈને સરકાર પર પ્રહાર કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, એક વર્ષનો ગાળો થઈ ગયો હોવા છતાં તેની અસર હજુ ખતમ થઈ નથી.

# ત્રિપલ તલાક પર બ્રેક લગાવવા શિયાળુ સત્રમાં ખાસ બિલ લવાશે

**સરકાર કાયદો બનાવવા માટે સંપૂર્ણ સક્રિય : જટિલ ત્રિપલ તલાક ઉપર બ્રેક મુકવા સાથે સંબંધિત બિલ તૈયાર કરવા માટે ઉચ્ચસ્તરીય કમિટિની રચના કરાઈ : શિયાળુ સત્રને લઇ સરકારે કમરકસી**



નવદિલ્હી, તા. ૨૧

એક સાથે ત્રણ તલાક પર પ્રતિબંધ મુકવા માટે કેન્દ્ર સરકાર હવે કાયદો બનાવવા પર વિચારણા કરી રહી છે. ટીવી રિપોર્ટસમાં દાવો કરવામાં આવ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર શિયાળુ સત્રમાં ત્રણ તલાક પર પ્રતિબંધ મુકવા માટે બિલ રજૂ કરી શકે છે. થોડાક સમય પહેલા જ સુપ્રીમ કોર્ટે એક સાથે ત્રણ તલાક પર પ્રતિબંધ મુકીને સરકારને કાયદો બનાવવા માટેની સલાહ આપી હતી. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે બિલ તૈયાર કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. જજોએ સુનાવણી વેળા કબુલાત કરી હતી કે તે પાપ તરીકે છે. જેથી ત્રિપલ તલાકના મામલે સરકારને ચોક્કસપણે દરમિયાનગીરી કરવી જોઈએ. સાથે સાથે તલાકને લઈને કાયદો બનાવવો જોઈએ.

બન્નેએ કહ્યુ હતુ કે ત્રણ તલાક પર છ મહિના માટે સ્ટે મુકવામાં આવે તે જરૂરીછે. આ દરમિયાન સરકાર કાયદો બનાવી લે તે જરૂરી છે. ન્યાયાધીશ ખેહરે કહ્યુ હતુ કે તમામ પાર્ટીઓએ રાજનીતિથી ઉપર ઉઠીને આ મામલે નિર્ણય કરવો જોઈએ. શાયરો બાનો વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને તેની સાથે જોડાયેલા બીજા મામલામાં ૨૨મી ઓગષ્ટ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે સુનાવણી ચલાવતી વેળા ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

# હંદવાડામાં ૩ આતંકવાદી ઠાર

શ્રીનગર,તા.૨૧

ઉત્તર કાશ્મીરના હંદવાડાના મગમ ગામમાં સુરક્ષા બળોને આતંકીઓની સામે મોટી સફળતા મળી છે. સુરક્ષા બળોએ લશ્કર-એ-તૈયબા એ ત્રણ ખૂંખાર આંતકીઓને ઠાર કરી દીધા છે. સુરક્ષા બળોની સાથે અથડામણમાં ઠાર થયેલા તમામ આતંકી પાકિસ્તાની હતા, જે તાજેતરમાં સરહદ પારથી ઘૂસણખોરી કરીને આવ્યા હતા.

હજુ આ વિસ્તારમાં બીજા આતંકીઓ છુપાયાની આશંકા છે. આ વિસ્તારમાં સુરક્ષા બળનું અભિયાન ચાલી રહ્યું છે. જમ્મુ-કાશ્મીરના ડીજીપી એસપી વૈદ્યે ટ્વીટ કરીને તેની માહિતી આપી. સુરક્ષા બળો અને આતંકીઓની વચ્ચે સોમવારની રાત્રે અથડામણ થઈ. સુરક્ષાબળોએ આતંકીઓને ચારેબાજુથી ઘેરી લીધા હતા. પોતાને ઘેરાતા જોઈ આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું. તેના પર સુરક્ષાબળોએ પણ જવાબી કાર્યવાહી કરી અને આતંકીઓને મોતને ઘાટ ઉતારી દીધા.

અગાઉ ઉત્તર કાશ્મીરના બાંદીપુરાના હાજિનમાં સુરક્ષા બળોએ મુંબઈ આતંકી હુમલાના આરોપી જકીરઉર રહેમાન લખવીના ભાણિયા સહિત ૬ આતંકીઓને ઠાર કર્યા હતા. શનિવારના રોજ સુરક્ષાબળોની સાથે અથડામણમાં મૃત્યુ પામેલા તમામ પાકિસ્તાની આતંકી લશ્કર-એ-તૈયબાના હતા. આતંકીઓની સાથે અથડામણમાં વાયુસેનાના એક ગરૂડ કમાન્ડો પણ શહીદ થયા હતા, જ્યારે સેનાના એક જવાન શહીદ થઈ ગયા હતા.





શું તમે જાણો છો ?

ડાયાબીટીશ, મેદસ્વીતા, ફુલી ગયેલું પેટ,અને જરૂર કરતા વધારે વજન એ શરીરની એક ચિંતાજનક બિમારી છે. જો સમયસર તેની કાળજી લેવામાં ન આવે તો અકાળે મૃત્ય પણ થઈ શકે છે. તેમાંથી મુક્તિ મેળવવા આજે જ સંપર્ક કરો.

વૈદશ્રી નંદકુમાર

મો. 8401433718, 9265439463

અમારી આ સારવાર સંપૂર્ણ આયુર્વેદિક છે. ઘરે બેઠા સારવાર મેળવો.

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય